રાજ્ય સરકારે સ્વીકારેલ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સાતમા પગાર પંચની ભલામણોનો લાભ સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ, ગાંધીનગરના વર્કચાર્જ કર્મચારીઓ/ રોજમદારોને આપવા બાબત.

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ/૧૦૨૦૧૭/૧૩૮૯/૨૬૬/સુ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૩/૦૫/૨૦૧૮

23 MAY 2018

વંચાણે લીધો:

(૧) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૧૬/૧/પગારએકમ.

**આમુખ:**

ઉપર સંદર્ભ (૧) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ નવા પગારધોરણનો લાભ આપતા હુકમો થતાં, મૂળ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના પરંતુ હાલ વિભાગના નિયંત્રણ હેઠળના સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડની કચેરીઓ ખાતે પ્રતિનિયુક્તિના ધોરણે ફરજો બજાવતા વર્કચાર્જ સેવાના(કામખર્ચિત) મહેકમના કર્મચારીઓ/રોજમદારોને પણ સાતમા પગારપંચનો લાભ આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ અંગે સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

**ઠરાવ:**

સરદાર સરોવર નર્મદા નિગમના વર્કચાર્જ મહેકમના ૧૩ સંવર્ગોના કુલ ૨૭૮ વર્કચાર્જ કર્મચારીઓ અને રોજમદારના બિનકુશળ, અર્ધકુશળ અને કુશળ એમ કુલ-૩ સંવર્ગના કુલ ૫૨૬ રોજમદાર કર્મચારીઓ મળી તા.૦૧/૦૧/૨૦૧૬ની સ્થિતિએ કુલ ૮૦૪ વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને રાજ્ય સરકારે મંજૂર કર્યા મુજબના ધોરણે સાતમા પગારપંચ પ્રમાણેના પગારધોરણો આ સાથેની અનુસૂચિ (૧) અને (૨) માં દર્શાવ્યા મુજબ કોલમ-૩ અને ૪(સુધાર્યા પૂર્વેના પગારધોરણ)માં દર્શાવેલ પે બેન્ડ અને ગ્રેડ-પે ની સામે પે મેટ્રીક્ષ(કોલમ-૫) મુજબ 'સ્કેલ ટુ સ્કેલ' ના ધોરણે તારીખ:૦૧/૦૧/૨૦૧૬ થી અમલી બને તે મુજબ નીચેની શરતોને આધિન મંજૂર કરવામાં આવે છે.

શરતો:

(૧) માર્ગ અને મકાન વિભાગના તા.૧૭/૧૦/૧૯૮૮ ના ઠરાવોની જોગવાઇઓ હેઠળ અનુસૂચિ (૧) અને (૨) મુજબના નિયત પગાર ધોરણમાં પગાર મેળવતા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને જ 'સ્કેલ ટુ સ્કેલ' ને ધોરણે આ પગાર સુધારણાનો લાભ તા.૦૧/૦૧/૨૦૧૬ થી આપવાનો થશે.

(૨) મૂળ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, પરંતુ હાલ સરદાર સરોવર નર્મદા નિગમમાં પ્રતિનિયુક્તિના ધોરણે ફરજો બજાવતા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને સાતમા પગાર સુધારણાનો ખરેખર લાભ વહીવટી વિભાગના હુકમની પછીના માસની ૧ લી તારીખથી મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખરેખર પગારમાં ચુકવણી સુધીના સમયગાળાના તફાવતની રકમ અંગે વિભાગ દ્વારા નાણા વિભાગના પરામર્શમાં વહીવટી વિભાગ દ્વારા અલગથી સૂચનાઓ બહાર પાડવામાં આવશે અને પગાર બાંધણીની ચકાસણી બાદ જ ચુકવવાની રહેશે.

(3) આવા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થાં સિવાયના અન્ય મળવાપાત્ર ભથ્થાં, સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા થયેલ નથી તેમ ગણી, છઠ્ઠાં પગારપંચ મુજબના પગાર અને તે દર મુજબ ચુકવવાનું ચાલુ રહેશે.

(૪) રોજમદારો સરકારી કર્મચારી ન હોઇ સરકારી કર્મચારીને લાગુ પડતા ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ ની જોગવાઈઓ રોજમદારોને લાગુ પડતી નથી. આ લાભ તેમને સહાનુભૂતિથી આપવામાં આવતો હોઈ સરકારી કર્મચારીઓને મળવાપાત્ર અન્ય લાભો માટે માંગણી/હકદાવા કરી શકશે નહી.

(૫) નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના ઠરાવમાં સૂચવ્યા મુજબ તા.૦૧/૦૧/૨૦૧૬ ના રોજના વિધ્યમાન મૂળ પગાર (પે-બેન્ડમાં પગાર + ગ્રેડ પે)ને ધ્યાને લઈ અમલમાં રહેલ નિયમોનુસાર ઓન લાઈન પગાર બાંધણી કરવાની રહેશે.

(૬) આ પગાર સુધારણાને અનુલક્ષીને નિયમોનુસાર કરવાપાત્ર સામાન્ય ભવિષ્ય નિધિ ફાળાની રકમની તથા આવકવેરાની તથા જો અન્ય કપાતો કરવાની થતી હોય તો નિયમોનુસાર કપાત કરવાની રહેશે.

(૭) સંકલિત નાણાકીય વ્યવસ્થાપન પધ્ધતિ(IFMS) હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદાર કર્મચારીઓની સુધારેલ પગાર માળખામાં ઓન લાઈન પગાર બાંધણી અને પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી અચૂક કરવાની રહેશે.

(૮) જે વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોની છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર બાંધણી અને તેની ઓન લાઇન ચકાસણી પગાર ચકાસણી એકમ દ્વારા કરવામાં આવેલ હશે તે રોજમદારોની જ સાતમા પગાર પંચ મુજબ ઓન-લાઇન પગાર બાંધણી કરવાની રહેશે.

(૯) વિભાગ દ્વારા પગાર સુધારણા મંજુરી હુકમો/ઠરાવો સાથે ડીવીઝનવાર/નિગમના વર્કચાર્જ કર્મચારીઓ/ કુશળ, અર્ધકુશળ, બિનકુશળ રોજમદારોની સંખ્યા અને પગાર ધોરણો દર્શાવતી

અનુસૂચિ બહાર પાડવાની રહેશે અને તે અનુસૂચિમાં દર્શાવ્યા મુજબની સંખ્યાની મર્યાદામાં જ જે તે ડીવીઝન/નિગમ દ્વારા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોની પગાર બાંધણી કરવાની રહેશે. તેના કરતાં વધુ સંખ્યામાં પગાર બાંધણી કરી શકાશે નહી.

(૧૦) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતાં ઠરાવ/હુકમોની શરતો, પગાર ધોરણો અને અનુસૂચિમાં દર્શાવેલ સંખ્યાને ધ્યાને લઇને DAT-EDP Cell દ્વારા પગાર બાંધણી મોડ્યુલમાં સુધારો કરવાનો રહેશે.

(૧૧) સાતમા પગાર પંચ મુજબના સુધારેલ પગાર માળખામાં પગાર સુધારણા પગાર બાંધણીના સ્વીકાર અંગે વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદાર નિયમોનુસાર નિયત નમૂનાના ફોર્મમાં વિકલ્પ આપી શકશે. એક વખત આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણાશે.

(૧૨) આ પગાર સુધારણાને વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને ચુકવાયેલ વધારાની રકમ અથવા જો કોઈ કારણસર રોજમદારે રકમ પરત કરવાપાત્ર થાય તો તે રકમ પરત કરવા અંગેની બાંહેધરી મેળવવાની રહેશે.

(૧૩) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના અને સરદાર સરોવર નર્મદા નિગમમાં પ્રતિનિયુક્તિના ધોરણે ફરજો બજાવતા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોની પગાર બાંધણી IFMS હેઠળના પગાર બાંધણી મોડ્યુલમાં વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદાર તરીકે જ કરવાની રહેશે. સરકારી કર્મચારી કે હંગામી તરીકેના સવંર્ગો – જગ્યાઓ ઉપર પગાર બાંધણી કરી શકશે નહી અને જો આ હુકમો કરતા અગાઉ કરેલ હોય તો તાત્કાલિક અસરથી તે પગાર બાંધણી રદ કરવાની રહેશે અને વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદાર તરીકે પુનઃપગાર બાંધણી કરવાની રહેશે. આ સૂચનાઓનો અમલ થાય તે જોવાની ફરજ ક્ષેત્રિય અધિકારી તથા પગાર બાંધણી કરનાર અધિકારીની રહેશે.

(૧૪) આ સૂચનાઓના અર્થઘટન અંગે પ્રશ્ન ઉપસ્થિત થતાં નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

(૧૫) સરદાર સરોવર નર્મદા નિગમની વર્કચાર્જ/રોજમદારની મંજૂર થયેલ જગ્યાઓ પૈકીની ભરાયેલ જગ્યાઓ સિવાયની જે જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ રદ કરવાની રહેશે.

(૧૬) તા.૦૧/૦૧/૨૦૧૬ ના રોજ કે ત્યાર બાદ નિવૃત્ત થયેલા અથવા અવસાન પામેલા વર્કચાર્જ/રોજમદાર કર્મચારીઓને નિયમોનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ તથા તે મુજબના પેન્શન નિવૃત્તિના લાભો મળવાપાત્ર થતાં હશે તો તે તેઓને ચુકવવાના રહેશે.

(૧૭) સરદાર સરોવર નર્મદા નિગમની ખાતે પ્રતિનિયુક્તિથી ફરજ બજાવતાં વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોની પગાર બાંધણી સંદર્ભે નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ ના પત્રથી આપવામાં આવેલ સૂચના અનુસાર પ્રથમ મેન્યુઅલ પગાર બાંધણી કરવાની રહેશે અને ત્યારબાદ ઓન લાઇન પગાર બાંધણી કરવાની રહેશે. જો બંને પગાર બાંધણીમાં સમાન પગાર નક્કી થાય તો ઓન લાઇન પગાર બાંધણી અંગેના હુકમો કરવાના રહેશે. અને જો તેમાં ક્ષતિ જણાય તો તિજોરી નિયામકશ્રીની કચેરી – EDP Cell નો સંપર્ક કરી ધ્યાન દોરવાનું રહેશે. પરંતુ કોઇ પણ સંજોગોમાં મેન્યુઅલ પગાર બાંધણી કરી શકાશે નહી.

(૧૮) મૂળ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના પરંતુ હાલ અન્ય કચેરીઓ/બોર્ડ/નિગમોમાં પ્રતિનિયુક્તિના ધોરણે ફરજો બજાવતા વર્કચાર્જ કર્મચારીઓ/રોજમદારોને ઉપર મુજબની સૂચના – શરતો લાગુ પડશે.

(૧૯) સરદાર સરોવર નર્મદા નિગમના કુલ ૫૩૫ રોજમદાર કર્મચારીઓ પૈકી ૯ રોજમદારો તા.૧૭/૧૦/૧૯૮૮ (કટ ઓફ તારીખ) પછી નિમણૂક પામેલ હોઇ તેમના કેસમાં હાલ પગાર સુધારણા કરવાની થતી નથી. તેમની સેવાવિષયક બાબતોની ક્ષેત્રિય કચેરી દ્વારા પુન:ચકાસણી કરી સ્પષ્ટ અભિપ્રાય – ભલામણ સાથે પુન:દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમો વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગની તારીખ:૧૮/૦૫/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમેશ પટેલ)
નાયબ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

બિડાણ: અનુસૂચિ (૧) અને (૨)

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના, સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી (જ.સં.) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (ઇડીપી સેલ), ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલર-૧, (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨, (એ.એન્ડઈ.) ગુજરાત રાજય અમદાવાદ/રાજકોટ કાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- સીનીયર ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.

- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી, અમદાવાદ/ગાંધીનગર.
- પેન્શન અને પ્રોવિડન્ટ નિયામકશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પેન્શન ચૂકવણા અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- લેબર કમિશનરશ્રી, ગાંધીનગર.
- નિયામકશ્રી, વાલ્મી, આણંદ
- જનરલ મેનેજરશ્રી(પર્સોનેલ), સરદાર સરોવર નિગમ લિ., સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગેરી, વડોદરા.
- નાયબ સેકશન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૧૮
- • પત્ર દ્વારા.

આઇ. ટી. કોર્ડીનેટર, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, આ ઠરાવ આ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.

## અનુસૂચિ (૧) વર્કચાર્જ કર્મચારીઓ

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૮ ના
ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ/૧૦૨૦૧૭/૧૩૮૯/ ૨૬૬/અ સાથેનું બિડાણ

| ક્રમ | વર્કચાર્જ સંવર્ગનું નામ | છઠ્ઠા પગારપંચ મુજબના પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમા પગારપંચના પે મેટ્રીક્ષ પ્રમાણે લેવલ | સાતમા પગારપંચના પે મેટ્રીક્ષના લેવલ પ્રમાણે લઘુત્તમ પગાર(રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | પે સ્કેલ | પે બેન્ડ | ગ્રેડ પે | | |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વર્કચાર્જ જુનિયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૨૮૦૦ | લેવલ-૫ | ૨૯૨૦૦ |
| ૨ | વર્કચાર્જ વર્ક આસીસ્ટન્ટ | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૨૪૦૦ | લેવલ-૪ | ૨૫૫૦૦ |
| ૩ | વર્કચાર્જ કારકુન | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૪ | વર્કચાર્જ વાયરમેન | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૫ | વર્કચાર્જ ઇલેક્ટ્રીક હેલ્પર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૬ | વર્કચાર્જ પમ્પ ઓપરેટર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૭ | વર્કચાર્જ ફીટર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૮ | વર્કચાર્જ પાના પ્રિન્ટ ઓપરેટર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૯ | વર્કચાર્જ ટ્રેસર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૧૦ | વર્કચાર્જ ડ્રાઈવર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૧૧ | વર્કચાર્જ ઓપરેટર | પીબી-૧ | ૫૨૦૦- ૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |
| ૧૨ | વર્કચાર્જ ચોકીદાર | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | લેવલ-IS-1 | ૧૪૮૦૦ |
| ૧૩ | વર્કચાર્જ સ્વીપર | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | લેવલ-IS-1 | ૧૪૮૦૦ |

## અનુસૂચિ (૨) રોજમદારો

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૮ ના
ઠરાવ ક્રમાંક:ડબલ્યુસીઈ/૧૦૨૦૧૭/૧૩૮૯/૨૬૬/અ સાથેનું બિડાણ

| ક્રમ | સંવર્ગનું નામ | છઠ્ઠા પગારપંચ મુજબના પે બેન્ડ અને ગ્રેડ પે | | | સાતમા પગારપંચના પે મેટ્રીક્ષ પ્રમાણે લેવલ | સાતમા પગારપંચના પે મેટ્રીક્ષના લેવલ પ્રમાણે લઘુત્તમ પગાર (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| | | પે સ્કેલ | પે બેન્ડ | ગ્રેડ પે | | |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બિન કુશળ રોજમદાર | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | લેવલ-IS-1 | ૧૪૮૦૦ |
| ૨ | અર્ધ કુશળ રોજમદાર | ૧ એસ | ૪૪૪૦-૭૪૪૦ | ૧૩૦૦ | લેવલ-IS-1 | ૧૪૮૦૦ |
| ૩ | કુશળ રોજમદાર | પીબી-૧ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | લેવલ-૨ | ૧૯૯૦૦ |

( રમેશ પટેલ )
નાયબ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ